# જિલ્લામાં ૨૯ ટકા વરસાદની ઘટ સાથે ચોમાસાની વિધિવત વિદાય

ગાંધીનગર, તા.૧૨

રાજયમાંથી નૈઋત્યના ચોમાસાએ આજે વિદાય લીધી છે. જિલ્લામાં ચોમાસાના વરસાદની ઘટ ૨૯ ટકા રહેવા પામી છે.

ગાંધીનગર-દહેગામમાં વરસાદની ઘટ ૪૦ ટકાથી વધુ રહેવા પામી છે. જિલ્લામાં વરસાદની ઘટ રહેતાં આગામી ઉનાળામાં પાણીના પ્રશ્નો ઉભા થવાની સંભાવના છે. જિલ્લામાં આ વખતે સાબરમતી નદી એક પણ વાર બે કાંઠે વહેતી જોવા મળી નથી. આ ઉપરાંત આ નદી પર બાંધવામાં આવેલ સંત સરોવર પણ ખાલીખમ છે. શહેરમાં સે. ૧માં આવેલા તળાવ ભરાયુ નથી.

## ગાંધીનગર-દહેગામમાં ૪૦ ટકાથી વધુ ઘટ રહેવા પામી : ૧૭મી સુધી તાપમાનનો પારો ૩૫-૩૬ ડિગ્રી રહેવા સંભાવના

ગાંધીનગર-દહેગામમાં વરસાદની ઘટ છે આમ તો જિલ્લાના ચારેય તાલુકામાંથી એક પણ તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાયો નથી.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૪૬૨ મી.મી., ગાંધીનગરમાં ૪૨૨ મી.મી., કલોલમાં ૭૩૮ મી.મી. અને માણસામાં ૫૭૪ મી.મી. વરસાદ નોંધાયો છે. સિઝનનો સરેરાશ વરસાદ ૭૬૫ મી.મી. થતો હોય છે તેની સામે ૫૪૯ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીમાં જોઈએ તો દહેગામમાં ૫૭.૩૩ ટકા, ગાંધીનગરમાં ૫૯.૦૨ ટકા, કલોલમાં ૯૪.૩૯ ટકા, માણસામાં ૭૧.૭૫ ટકા વરસાદ નોંધાયો છે. સરેરાશ જિલ્લામાં ૭૧.૭૨ ટકા વરસાદ નોંધાયો છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ.યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૫૬માં જણાવ્યાનુસાર ૧૩મીથી ૧૭ ઓક્ટો. દરમ્યાન જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૬ થી ૫૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૫ થી ૯ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.



રંગે રમો... આનંદે રમો... - નવરાત્રી પર્વની જમાવટ શહેરમાં અનુભવાય છે... ભલે પાર્ટીપ્લોટના ગરબા ન થયા પણ શેરી ગરબામાં ખેલૈયાઓ ભારે ઉમંગથી ગરબે રમી રહ્યા છે... અલગ - અલગ પ્રકારની કોરિયોગ્રાફી દ્વારા ભારે આકર્ષણ જમાવતા ખેલૈયાઓ હવે શહેરના વિવિધ ગરબા ગ્રાઉન્ડો પર નજરે પડે છે... હવે માત્ર બે જ દિવસ નવરાત્રીના બાકી રહે છે ત્યારે મનભરીને ગરબે ઘુમતા યુવાનો સમગ્ર વાતાવરણને ઉર્જામય બનાવે છે...

# સેકટરોના શેરી ગરબામાં કરફ્યુ, નાસ્તો અને પોલીસની એન્ટ્રીનો સમય ૧૨ વાગ્યાનો..!!

## શેરી ગરબામાં ૧૨ના ટકોરે કરફ્યુ સાથે પોલીસની એન્ટ્રી અને ખૈલેયાઓ પણ નાસ્તો લઇને ઘર તરફ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં કોરોના કાળમાં બે વર્ષના અંતે શેરી ગરબાની રમઝટ જામી છે. આ વર્ષે પાર્ટી પ્લોટના ગરબાનુ આયોજન પણ પડતુ મુકાયુ છે. જેના લીધે સેકટરોની શેરીએ શેરીએ સાંજ ઢળતા જ રોશનીની જગમગાટ વચ્ચે શકિતની ભકિતના પર્વનો રંગ નિખરે છે. સેકટરોમાં ગરબાની રમઝટ જામે છે. સેકટરોમાં શેરી ગરબાના આયોજકોએ પણ ઘર આંગણે જ ગરબા પ્રેમીઓને પુરતી સુવિધા મળી રહે તે મુજબનુ આયોજન કર્યુ છે. જેથી ગરબા રસિકોને પણ મજા પડી છે. રાત્રિના ૯ કલાકે આરતી બાદ રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબાની ધુમ મચાવતા ખેલૈયાઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળે છે. આ વર્ષે મોટા પાયે નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ નથી જેના લીધે શેરી ગરબામાં વિશેષ ભીડ જોવા મળે છે. શેરી ગરબામાં પણ ખૈલેયાઓ અવનવા ટ્રેડિશ્નલ ડ્રેસમાં સજ્જ જોવા મળી રહ્યા છે. શેરી ગરબામાં ચપટી , તાળી અને ઠેસના ભાતીગળ ગરબા સાથે ગરબાના અવનવા ડ્રેસીસમાં સજ્જ ખૈલેયાઓ ગરબાની રંગત જમાવે છે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી હાલ રાત્રિના ૧૨ કલાકે કરફયુનો અમલ શરૂ થઈ જાય છે.

જેથી શેરી ગરબાનો સમય પણ રાત્રિના ૧૨ કલાક સુધીનો જ રાખવામાં આવ્યો છે. ત્યારે સેકટરોમાં રાત્રિના ગરબાના અંતે નાસ્તાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. પરંતુ ગરબા રમવા માટે સમયની પાબંદી હોવાથી સેકટરોના શેરી ગરબામાં રાત્રિના ૧૨ કલાકે નાસ્તો પીરસવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે પોલીસ પણ પેટ્રોલીંગમાં નિકળે છે. જેથી શેરી ગરબામાં કરફયુ, પોલીસ અને નાસ્તાનો સમય એક જ સમય હોવાથી ગરબા પ્રેમીઓને નાસ્તો લઈને ઘરે જતા રહેવા માટે પણ આયોજકો દ્વારા અપીલ કરવામાં આવે છે. જો કે દરવર્ષ કરતા આ વર્ષે શેરી ગરબામાં ગરબે ઘુમતા ખૈલેયાઓનો ઉત્સાહ વિશેષ જોવા મળી રહ્યો છે. ગરબે ઘુમનારાઓની સંખ્યા પણ વધુ જોવા મળે છે. ગૃપમાં રમતા ખૈલેયાઓ પણ અન્ય મિત્રવર્તુળમાં ગરબે ઘુમવા માટે એકમેકને ઈન્વાઈટ કરે છે.

# ખેતી, ઉત્પાદન સહકાર સમિતિની ગ્રાન્ટ વપરાઈ ગઈ! હવે નવી ગ્રાન્ટ ફાળવવા માંગ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા ખેતીવાડી, ઉત્પાદન અને સહકાર સમિતિની તમામ ગ્રાન્ટ વપરાશ થઈ જતાં હવે નવી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી છે.

## ગ્રાન્ટ ફાળવણીની ચોક્કસ નીતિના અભાવે માણસાના ઈટાદરા સહિતના ગામોમાં પાણીનો પ્રશ્ન વિવાદમાં

મળતી વિગતો પ્રમાણે આ સમિતિને પાણી માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટની બધી જ ફાળવણી સમિતિ દ્વારા કરી દેવામાં આવી છે. હવે માણસા તાલુકામાં ઈટાદરા સહિતના કેટલાક ગામોમાં પાણીના પ્રશ્નો ઉભા થયા છે.

આ માટે સમિતિને ગ્રાન્ટ ફાળવણી માટે કહેવામાં આવતાં સમિતિએ તેના હાથ ઊંચા કરી દીધા છે. રૂ. ૭૫ લાખની ફાળવવામાં આવેલી રકમમાંથી ૮૦ ટકા જેટલી ગાંધીનગર-દહેગામ તાલુકાને ફાળવી દેવામાં આવી છે જ્યારે બાકીની વધેલી ૧૫ લાખ રૂ. જેટલી રકમ માણસા અને કલોલને ફાળવી છે.

આ બધી જ ગ્રાન્ટ વપરાઈ જવા પામી હોવાથી હવે નવા પ્રશ્નો ઉભા થયા છે. માણસા તાલુકાના ઈટાદરા સહિતના વિવિધ ગામોની નાણાંકીય જરૂરિયાત અંગે આજે રજુઆત કરવા જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ ખાસ આવ્યા હતા. તેમણે જિલ્લા વિકાસ અધિકારીને આ મુદ્દે રજુઆત કરી હતી.

જો કે ગ્રાન્ટ ઉપલબ્ધ ન હોવાથી નવી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે તેવી માંગ સમિતિ દ્વારા કરવામાં આવી છે. ચોમાસુ પુરૂ થાય તે પહેલાં જ ગ્રાન્ટ વપરાઈ જવાની હકીકત પછી જિલ્લા ભાજપ પ્રમુખ પણ ચોંકી ઉઠ્યા હતા. જોકે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ તેઓ ઉગ્ર રજુઆત કરી ફટાફટ જિલ્લા પંચાયત સંકુલ છોડી જતા રહ્યા હતા તેમણે પક્ષના કોઈ સભ્યને પણ મળવાનું ટાળ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# મહાનગરને નવા મેયર ૨૦મી બાદ મળશે

## પ્રથમ મેયરની ચૂંટણી થશે આ પછી નવા મેયર ડે. મેયર અને સ્થાયી સમિતિની ચૂંટણી પ્રથમ બેઠકમાં કરશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાના નવરચિત બોર્ડની પ્રથમ સામાન્ય સભા ૨૧ અથવા ૨૨મી ઓક્ટો.ના રોજ મળશે.

મનપાના નવા ચૂંટાઈ આવેલા સભ્યો અંગેનું જાહેરનામુ વિધિવત્ પ્રકાશિત થઈ જવા પામ્યુ છે. હવે મનપાનું તંત્ર આ અંગે હરકતમાં આવ્યુ છે.

મહાનગરપાલિકાની પ્રથમ બેઠકમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની વરણી કરવામાં આવશે.

મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે મળનારી પ્રથમ બેઠકમાં પહેલા મેયરની ચૂંટણી હાથ ધરવામાં આવશે. મેયર પદે નવા મેયરની વરણી થયા બાદ મેયર ડે. મેયરની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરશે. આ પછી સ્થાયી સમિતિના સભ્યોની વરણી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી ૩જી ઓક્ટો.ના રોજ યોજાઈ હતી અને ૫ મીએ તેના પરિણામો જાહેર થયા હતા. ચૂંટણીના પરિણામોમાં ભાજપના ૪૧, કોંગ્રેસના ૨ અને આમ આદમી પાર્ટીના એક સભ્યને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

મેયર પદ અનુસ જાતિ માટે અનાત જાહેર કરવામાં આવેલ છે. આ પદ માટે હાલ ત્રણ મહિલા અને બે પુરૂષ ઉમેદવારો જે ભાજપમાંથી વિજેતા બનેલા છે તે દાવેદારો છે.

મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની ચર્ચા માટે આ સપ્તાહના અંતમાં કે આગામી સપ્તાહના મધ્યમાં ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે તેમાં નિર્ણય લેવામાં આવશે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ નવા સભ્યો વધુ ચૂંટાયેલા સભ્યો હોવાથી તેમને ખાસ તાલિમ આપવાનું પણ આયોજન ભાજપ દ્વારા થઈ રહ્યુ છે જેથી વિવાદો ઉભા થાય નહિ તેમજ વહીવટ સરળતાથી ચાલે.

# અડાલજમાં ૩૯ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંક્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આજે ૩૯ વર્ષીય યુવકનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આ યુવક મહારાષ્ટ્રથી પરત ફર્યો છે. હાલ આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં લાંબા સમય બાદ કોરોનાનો એક કેસ નોંધાયો છે. તંત્રએ આ કેસને ગંભીરતાથી લઈ તાત્કાલિક સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાના આદેશો જારી કર્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાંથી આ કેસ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન પણ જાહેર કરી દીધો છે. જિલ્લામાં આ અગાઉ પણ એક દર્દી અડાલજ પંથકમાંથી જ મળી આવ્યો હતો. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૮૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તેમજ અડાલજ અને આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# શહેર-જિલ્લામાં ૬ હજારથી વધુ તાવ-શરદી-ખાંસીની વાયરલ બિમારીમાં સપડાયા

## સર્વેલન્સની કામગીરી અસરકારક રીતે થાય તે અત્યંત જરૂરી છે ખાસ કરીને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનું અસરકારક મોનીટરીંગ કરવા કલેક્ટરની સૂચના

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં ૬ હજારથી વધુ દર્દીઓ તાવ-શરદી-ખાંશી જેવી વાઈરલ બિમારીથી પિડાઈ રહ્યા છે.

તાજેતરમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સરકારની સૂચના અંતર્ગત હાથ ધરવામાં આવેલા સર્વેમાં આ દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ મેલેરિયાતંત્રની ટીમો દ્વારા તાવ-શરદી-ખાંસીના મળેલા આ દર્દીઓના લોહીના નમૂના પણ તંત્રની ટીમો દ્વારા લેવામાં આવ્યા હતા અને તેમાં મેલેરિયાનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હોવાથી તંત્રએ હાશ અનુભવી હતી.

## શહેરમાં મલેરિયાતંત્રની ટીમો દ્વારા સરેરાશ ત્રણ હજારથી વધુ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી છે. શહેરમાં મનપાએ માઉન્ટેડ ફોગીંગ મશીન પણ ખરીદવામાં આવ્યુ છે

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્યવિસ્તારમાંથી ૩૨૦૦ જેટલા તાવ-શરદી-ખાંસીની ફરિયાદ કરતા દર્દીઓ મળી આવ્યા હતા. જ્યારે શહેરમાંથી આવા ૨૭૦૦થી વધુ દર્દી મળી આવ્યા હતા.

જિલ્લામાં હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્ર ચિંતીત જરૂર છે પણ લોહીના નમૂનાની તપાસમાં રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

વાહકજન્ય રોગચોળાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે. જો કે આ વખતે શહેર-જિલ્લામાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૨૦૧૯ જેટલી થવા પામી છે.

શહેરમાં મલેરિયાતંત્રની ટીમો દ્વારા સરેરાશ ત્રણ હજારથી વધુ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી છે. શહેરમાં મનપાએ માઉન્ટેડ ફોગીંગ મશીન પણ ખરીદવામાં આવ્યુ છે.

દરમ્યાન આજે જિલ્લાતંત્ર દ્વારા આજે સંચારી રોગો માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેક્ટરે સઘન સર્વેલન્સ અસરકારક બનાવવા માટે ખાસ તાકીદ કરી હતી. તેમણે વારંવાર જ્યાંથી મચ્છરોના પોરા મળતાં હોય તેવી સાઈટોના સંચાલકો સામે આકરા પગલાં લેવા પણ કહ્યુ છે.

જિલ્લા કલેક્ટરે આઈ.આઈ.એચ.પી. પોર્ટલ પર જ સર્વેલન્સના રિપોર્ટની એન્ટ્રી થાય અને સર્વેલન્સમાં આઈડીએસવી શાખા દ્વારા અસરકારક મોનીટરીંગ થાય તે ખાસ જોવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

# મગફળી-કપાસની ધીમી ગતિએ માર્કેટયાર્ડમાં આવક શરૂ થઈ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટેના રજીસ્ટ્રેશનની કામગીરીમાં ખેડૂતો દ્વારા મિશ્ર પ્રતિસાદ આપવામાં આવ્યો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૭૭ ખેડૂતોએ આ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જેમાં ગાંધીનગરમાંથી ૧૭૩, દહેગામમાંથી ૮૧૬ અને માણસામાં ૮૮ ખેડૂતોએ અત્યાર સુધી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

આ વખતે ખુલ્લા બજારમાં પણ મગફળીના ભાવ સારા ખુલ્યા છે તેથી ખેડૂતોમાં ખુશી છવાયેલી જોવા મળી રહી છે. છેલ્લા થોડાક દિવસોથી વરસાદે વિરામ લેતાં ખેડૂતો દ્વારા ખરીફ પાકનું ઉત્પાદન લેવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

**શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ**

રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર


**દશેરા પર્વનું હાર્દિક નિમંત્રણ**

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા દશેરાના પર્વ નિમિત્તે તા. ૧૫-૧૦-૨૦૨૧ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ થી ૬-૦૦ કલાકે 'શસ્ત્ર પૂજન' અને અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ સુરૂચિ ભોજન સાથે લઈશું. તો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

શ્રી વિક્રમસિંહ ગોલ, પ્રમુખ — ડો. શંકરસિંહ રાણા, પ્રમુખ

શ્રી પ્રદિપસિંહ બિહોલા, મહામંત્રી — શ્રી ભરતસિંહ બિહોલા, મહામંત્રી

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. નિકુલભાઈ વાસુદેવ શુકલ**
(સ્વ. તા. ૨૪-૧૦-૨૦૨૦, આસો સુદ-૮)

આંખોમાં આંસુ ને દિલમાં તમારી યાદ છે.
આજે તમે નથી એજ અમારી ફરીયાદ છે.
આપની યાદ સદાય સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
મુકેશ દવે   ધ્રુવ દવે
કિર્તી દવે   આરોહિ દવે
બંસરી શુકલ ● ભાવિક શુક્લ
અનુષ ● ધનુષ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com